સપ્ટેમ્બર 2012 વર્ષ 5 અંક 5

શ્રી રામચંદ્ર મિશન®

India ECHOES
ONE WORLD ONE HUMANITY



# એક દિવસનો ખાસ ઐતિહાસિક ભંડારા

## 15મી ઓગસ્ટ, 2012, મણપાક્કમ, ચેન્નઈ

11મી ઓગસ્ટ 2012ના રોજ, પૂજ્ય ગુરૂજીએ ભાઈ કમલેશ પટેલને 15મી ઓગસ્ટના રોજ, બાબુજી મેમોરીયલ આશ્રમ, મણપાક્કમ, ચેન્નઈ ખાતે, મિશનની કાર્યકારી સમિતિની અસાધારણ સભા યોજવા માટે કહ્યું. તે પછી બીજે દિવસે, પૂજ્ય ગુરૂજીએ મણપાક્કમ આશ્રમના પ્રબંધકને બોલાવ્યા અને તે જ દિવસે મણપાક્કમ આશ્રમમાં 15મી ઓગસ્ટના રોજ એક દિવસના ખાસ ભંડારાનું આયોજન કરવાના પોતાના નિર્ણયની તેમને જાણ કરી. તેમણે બધા જ અભ્યાસીઓને ભંડારામાં આમંત્રિત કરતો, સહજ સંદેશ દ્વારા મોકલવા માટેનો પત્ર લખાવ્યો. તે દિવસે અભ્યાસીઓની અસાધારણ સામાન્ય સભા થવાની હતી. સવારે 6:30 કલાકે, 11:00 કલાકે અને સાંજે 4:30 કલાકે ત્રણ સત્સંગોનું આયોજન થયું હતું.


પૂજ્ય ગુરૂજી 5મી જુલાઈથી આંતરડા અને પેશાબની નળીમાં લાગેલા ચેપની સારવારના કઠિન તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા અને હંમેશ મુજબ કોઈ પણ ફરીયાદ વિના તેમણે અત્યંત દર્દ સહન કર્યું હતું અને તે સમય મિશનના અભ્યાસીઓ માટે પણ ચિંતાનો સમય હતો. સામાન્ય રીતે લેવાતો ખોરાક પણ બંધ થઈ ગયો હતો, તેમનું વજન પણ ઘટી ગયું હતું અને તેમના જીવનકાળના સૌથી લાંબા સમય માટે હલન ચલન વગર પથારીમાં રહ્યા. આથી, ભંડારા માટેનો તેમનો આ સંદેશ દુનિયાભરના અભ્યાસીઓ માટે નવાઈ પમાડનારો હતો, પણ તેમના હૃદયનો આંતર્નાદ, બે જ દિવસોમાં એકવીસ હજાર અભ્યાસીઓને મણપાક્કમ તરફ ખેંચી લાવ્યો!



“તમારી પ્રતિક્રિયા, તમારો ઉમળકાભર્યો જવાબ, મને એ દર્શાવે છે કે પૂ.બાબુજી મહારાજ જે વ્હિસ્પર્સમાં વારંવાર લખી રહ્યા છે તે સત્ય છે: કે હૃદયોએ પરમ તત્વ તરફ ખુલવાનું શરૂ કર્યું છે, લોકો વધારે અને વધારે આધ્યાત્મિક જીવન ઈચ્છે છે, પોતાની જાતને વધારે અને વધારે વચનબધ્ધ કરવા ઈચ્છે છે, અને પોતાની જાતને તેને વધારે અને વધારે અર્પિત(આપી) કરી રહ્યા છે, જે એક ઘણો સારો સંકેત(અણસારો) છે.

15મી ઓગસ્ટ, 2012
મણપાક્કમ, ચેન્નઈ.





# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

10મી ઓગસ્ટના રોજ પૂ.ગુરૂજીનું પીઈટી/સીટી સ્કેન કરવામાં આવ્યું હતું જે બીલકુલ સાફ હતું અને ક્યાંય ચેપ જણાયો ન હતો. આ સારા સમાચાર હતા અને બધા જ ડોકટરો આ પરિણામથી ખુશ હતા. પૂ.ગુરૂજીએ મજાકમાં કહ્યું, ‘‘હવે તે સ્કેન પણ કહે છે કે મને કોઈ જ બીમારી નથી, તો પછી આ ડોકટરો મને દવા શા માટે આપી રહ્યા છે?’’ અને ઓરડામાં (રૂમમાં) હાજર દરેક વ્યક્તિ હૃદયપૂર્વક હસી પડી હતી.


જેવો ભંડારા માટેનો પરિપત્ર બહાર પડ્યો, તેવી જ પૂરા જોશમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ કારણકે માત્ર ત્રણ જ દિવસો બાકી રહ્યા હતા. બેંગલુરુના આપણા ભરોસાપાત્ર ભાઈ શ્રી ફ્રૈંસવાને તિરુપુરમાં આપણા ભંડારા માટેનું આધાર માળખું ઊભું કરવાનો અનુભવ હોવાથી, તેમને તેમના માલસામાન અને પોતાની ટીમની સાથે હાજર થવા માટે કહેવાડવામાં આવ્યું. તિરુપુરના સ્વયંસેવકો પણ આ પડકાર ઝીલી લેવા માટે તૈયાર થઈ ગયા અને દસથી પંદર હજાર અભ્યાસીઓના આવવાની જે અપેક્ષા હતી તેને માટે સલવતો ઊભી કરવામાં વ્યસ્ત થઈ ગયા. આખો આશ્રમ તંબુઓ અને શામિયાણાઓથી છવાઈ ગયો હતો. આશ્રમનો કોઈ પણ ખુલ્લો કે સપાટ ભાગ ધ્યાન માટે કે આશ્રય માટેના તંબુઓથી ભરી દેવામાં આવ્યો હતો. ધ્યાન કક્ષની બંન્ને બાજુના આશરે 25000 ચોરસ ફૂટ ક્ષેત્રફળ જેટલા ભાગમાં ચાર તંબુઓ ઊભા કરવામાં આવ્યા હતા અને બીજા આશરે 30000 ચોરસ ફૂટ ક્ષેત્રફળ જેટલા ભાગમાં આરામ કરવા માટેના શમિયાણાઓ ઊભા કરવામાં આવ્યા હતા.

રહેઠાણની વ્યવસ્થા એક મોટો પડકાર હતો. આશ્રમની આસપાસ રહેતા લગભગ બધા જ અભ્યાસીઓએ પોતાના મકાનો બહારગામના અભ્યાસીઓને રહેવા માટે આપવાની તૈયારી રાખી હતી. આ વહેંચવાની અને સાથે રહેવાની પ્રક્રીયામાં સાચો ભાઈચારો અનુભવાયો હતો. આશ્રમ અને અભ્યાસીઓના ઘરો ઉપરાંત ઓમેગા સ્કૂલમાં પણ આશરે 1500 અભ્યાસીઓને સમાવાયા હતા તથા નજીકના ચર્ચના સારી રીતે સાધન સંપન્ન કલ્યાણ મંડપમાં 900થી વધારે અભ્યાસીઓને સમાવાયા હતા. એકંદરે, સમગ્ર રહેઠાણ વ્યવસ્થા નિર્વિઘ્ન રીતે પાર પડાઈ હતી.

પૂ.ગુરૂજીની ઈચ્છા હતી કે આ પ્રસંગે આશ્રમ શણગારાવો જ જોઈએ તેથી 14મીની રાત્રીથી જ ધ્યાન કક્ષ, ગુરૂજીની કુટીર, બાબુજી મંડપ, રુચિ કાફે, આશ્રમનું પ્રવેશ દ્વાર, અને અન્ય જગ્યાઓએ લાઈટો અને શણગાર વ્યવસ્થા શરૂ થઈ ગઈ અને આશ્રમના લગભગ બધા જ ભાગને લાઈટો, પુષ્પો અને બીજા અન્ય શણગારથી સજાવવામાં આવ્યા. પૂ.ગુરૂજી પાસે આશ્રમના શણગાર વિષે તેમજ આશ્રમ ચોખ્ખો અને ચમકતો દેખાય છે અને અભ્યાસીઓથી ઊભરાઈ રહ્યો છે. તે શબ્દો પહોંચતા દરેકના આશ્ચર્ય વચ્ચે, પૂ.ગુરૂજીએ વ્હીલચેરમાં બેસીને આશ્રમની લટાર મારવાનું નક્કી કર્યું. શરૂઆતમાં તેમણે ડોકટરોને ફક્ત કુટીરની ઓસરી સુધી તેમને લઈ જવા કહ્યું. જ્યારે તેમણે બાબુજી મંડપમાં લાઈટો અને શણગાર જોયો, ત્યારે તેમણે તેમને ત્યાં લઈ જવા કહ્યું. જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા, ત્યારે પૂ.ગુરૂજીએ તેમનો હાથ ઊંચો કર્યો અને કુટીરના મુખ્ય દ્વાર તરફ જવા ઈશારો કર્યો અને ત્યાંથી તેઓ ધ્યાન કક્ષ તરફ માત્ર ત્યાંનો શણગાર જોવા આગળ વધ્યા. પૂ.ગુરૂજી, નવા બનાવેલ ઢોળાવવાળા રસ્તેથી ધ્યાનકક્ષના સ્ટેજ ઉપર ગયા અને ત્યાંથી ધ્યાનકક્ષ નિહાળ્યો. તે સમયે રાત્રીના 8 વાગ્યા હતા અને અચાનક પૂજ્ય ગુરૂજીને જોઈને ત્યાં કામ કરી રહેલ બધા











# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર





અભ્યાસીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. મેડીટેશન હોલ (ધ્યાનકક્ષ) ને રોમન શૈલીમા થાંભલાના છેક ઉપરના ભાગથી લટકતા કાપડ અને ફૂલોથી શણગારવામાં આવ્યો હતો. પૂજ્ય ગુરૂજી તેમની કુટીરમાંમાં પાછા ફર્યા ત્યારે તેમના ચહેરા ઉપરનો ચળકાટ જોઈ જોઈ શકાતો હતો.

મોટી સંખ્યામા અભ્યાસીઓ આશ્રમમાં ઉમટી રહ્યાં હતા. આશ્રમમાં જ્યાં નજર કરો ત્યાં અભ્યાસીઓ જ દેખાતા હતા અને સ્હેજ પણ ખાલી જગ્યા દેખાતી નહોતી તેમજ તે રાત્રે ભાગ્યે જ કદાચ કોઈ સૂઈ ગયું હતું. આટલી બધી ભીડ હતી તેમ છતાં પણ ખૂબીની વાત એ હતી કે ક્યાંય પણ ખળભળાટ, અવ્યવસ્થા કે અંધાધૂંધી નહોતી અને સંપૂર્ણ વ્યવસ્થિતતા અને શાંતિ હતા. મદદનીશો બધેજ સેવામાં હાજર દેખાતા હતા. સવારનો 6.30 વાગ્યાનો સત્સંગ ભાઈશ્રી કમલેશ પટેલે સંચાલિત કર્યો હતો જે એક કલાક ચાલ્યો હતો. સતસંગ જ્યારે પત્યો અને અભ્યાસીઓ ધ્યાનકક્ષની બહાર નીકળી રહ્યાં હતાં તે દ્રશ્ય ધ્યાનકક્ષમાંથી નિહાળવા જેવું હતું. દરેકનાં વ્યવહારમાં શાંતિ અને સ્વશિસ્તનું વર્ચસ્વ જણાઈ આવતું હતું અને કોઈપણ અભ્યાસીએ વ્યવસ્થા તોડવાનો પ્રયત્ન નહોતો કર્યો કે કોઈએ પણ કુટીર પાસે જઈને પૂજ્ય ગુરૂજીને જોવાનો પ્રયત્ન કર્યો નહોતો.

પૂજ્ય ગુરૂજીનો 9.30 વાગે ધ્યાનકક્ષમાં આવવાની યોજના હતી. તેથી બધા અભ્યાસીઓને તે સમયે ફરીથી ભેગા થવાની વિનંતિ કરતી જાહેરાત કરવામાં આવી હતી. આ, તે દીવસનો પ્રસંગ હતો કે જેની આતુરતા પૂર્વક રાહ જોવાતી હતી. આશરે 10.30 વાગ્યે પૂજ્ય ગુરૂજી વ્હીલચેરમાં પધાર્યા જે ઓક્સીજન સીલીન્ડરથી સજ્જ હતી, જેથી તેમને શ્વાસ લેવામાં મદદરૂપ થાય. તેમની હાલની માંદગીમાં તેમના શારિરીક અસ્તિત્વએ આપેલ ભોગની અસર જણાઈ આવતી હતી તેમજ તેમનામાં ખૂબજ શારિરીક નબળાઈ જણાઈ આવતી હતી. એક શબ્દ કે સામાન્ય હલનચલનથી તેમના શરીરને પડતું કષ્ટ સ્પષ્ટ દેખાઈ આવતુ હતું. ત્યાં હાજર મોટા ભાગના અભ્યાસીઓને તેમને પ્રત્યક્ષ જોવાનો લ્હાવો મળ્યો, સૌ તેમના આરોગ્ય બાબતમાં ઘણા સમયથી ચિંતાતુર હતા અને પ્રત્યક્ષ દર્શન પછી ખુશ પણ દેખાતા હતા. પૂજ્ય ગુરૂજીએ તેમની હાલની માંદગી અને તેનાથી તેમને થયેલ અસર વિષે જણાવ્યું. તેમણે કહ્યું કે તેઓ મિશનના પ્રેસિડેન્ટના હોદ્દા ઉપરથી રાજીનામું આપવા માંગે છે અને તેમની જગ્યાએ ભાઈશ્રી કમલેશ પટેલની નિમણૂંક કરવા માંગે છે. આ અંગે તેમણે કાર્યકારી સમિતિની સંમતિ માંગી જેની સામે કાર્યકારી સમિતિએ બીજો વિકલ્પ સૂચવ્યો તે એ હતો કે પૂજ્ય ગુરૂજી પ્રેસિડેન્ટ તરીકે ચાલુ રહે અને ભાઈશ્રી કમલેશ પટેલની વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂંક કરવામાં આવે. પૂજ્ય ગુરૂજીએ હાજર સભ્યોનો અભિપ્રાય માંગ્યો અને આસપાસના તમામે તેની પ્રશંસા કરી અને તેને ટેકો આપવા તાળીઓ નાગડગડાટ દ્વારા માન્યતા આપી. પૂજ્ય ગુરૂજીએ જણાવ્યું કે વાઈસ પ્રેસિડેન્ટ, પૂજ્ય ગુરૂજીના નેતૃત્વ અને દેખરેખ હેઠળ તેમની સત્તા, ફરજ અને જવાબદારી અદા કરશે. ત્યારબાદ પૂજ્ય ગુરૂજીએ 15 મિનિટના સતસંગનું સંચાલન કર્યું અને પછી તેઓ તેમની કુટીરમાં પાછા ફર્યા. સાંજના સતસંગનું સંચાલન ભાઈશ્રી કમલેશ પટેલે કર્યુ પણ તે પહેલા મિશનના સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરીએ સવારના કાર્યક્રમ અંગેની માહીતિ આપી અને કાર્યકારી સમિતિએ ભાઈશ્રી કમલેશ પટેલની વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂંક કરતો પસાર કરેલ ઠરાવ અભ્યાસીઓ સમક્ષ વાંચી સંભાળવ્યો. સત્સંગ બાદ ભાઈશ્રી કમલેશ પટેલે બે મહત્વની બાબતો જણાવી, જેમાં પહેલી એ કે મિશનનું કાર્ય કરવામાં કે





# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર






મિશનમાં સેવા આપવા માટે કોઈ પદ કે પદવીની જરૂર નથી અને બીજુ એ કે "એકતા અને સુમેળ" એ આજના સમયની આવશ્યકતા છે અને બધા જ ભાઈઓ અને બહેનોએ કોઈપણ પળે, કોઈપણ ભોગે અને કોઈપણ સંજોગોમાં તેને ટકાવવાની છે. ભાઈશ્રી કમલેશ પટેલે અભ્યાસીઓને એ પણ જણાવ્યું કે પૂજ્ય ગુરૂજી કેટલા ખુશ થયા જ્યારે તેમને એવું જણાવવામાં આવ્યું કે 21000 અભ્યાસીઆએ ભંડારામાં હાજરી આપેલ છે પૂજ્ય ગુરૂજીએ કહ્યું કે "માત્ર બે દીવસની સૂચનામાં, આટલા બધા આવ્યા... આ બધા મારા લોકો છે".

સાંજના સત્સંગ પછી, બધા અભ્યાસીઓ એ વિખેરાવવાનું શરૂ કર્યું, ત્યારે આશ્રમની બહારના મુખ્ય રસ્તા ઉપર ટ્રાફિક નિયમન કરવાનું કાર્ય પડકારરૂપ હતું. પૂજ્ય ગુરૂજીએ અભ્યાસીઓ પ્રત્યે ઉદારમત અપનાવી અભ્યાસીઓની લાગણી સાથે સહમતી દર્શાવીને તેમના રાજીનામા આપવાના મૂળ વલણને ન વળગી રહીને સર્વોચ્ચ હોદ્દા ઉપર ચાલુ રહેવાનો નિર્ણય લીધો તેથી અભ્યાસીઓમાં એક પ્રકારના હાંશકારાની લાગણી પ્રવર્તતી હતી. તેમજ, સાથે સાથે વ્યાપક વહીવટી કાર્યભારની જવાબદારી તેમના યુવાન ઉત્તરાધીકારીના ખભા ઉપર લાદવાનું એક મહત્વનું પગલું પણ તેમણે આજ સમયે ભર્યુ.

"ભકત અને ગુરૂ વચ્ચેની નિકટતા સ્મરણથી વધે છે. આ નિકટતાને કોઈ સીમાઓ હોતી નથી. જેટલો વધારે પ્રેમ તેટલા વધારે ગુરૂની નિકટ જઈ શકાય છે. આ સંબંધ આપણને વારસામાં મળે છે. તેથી આ સંબંધ ને કેવી રીતે વિકસાવો કે જેથી ગુરૂ સાથેની અત્યંત નિકટતા સુરક્ષિત કરી શકાય, તે આપણા ઉપર છે."
શ્રી બાબુજી મહારાજ "કમ્પ્લીટ વર્કસ ઓફ રામચન્દ્ર, ભાગ-1," પાના નં: 207,)



## પૂ.ગુરૂજીનો તારીખવાર હેવાલ

### ગુરૂવાર, 21મી જુન, 2012:

પૂજ્ય ગુરૂજી, ગાયત્રિમાં હતા ત્યારે તેમણે તેમની વર્ષગાંઠ ઉજવવાનો નિર્ણય લીધો. આ ખરેખર એક આનંદદાયક સમાચાર હતા. જુલાઈ મહીનામાં પૂજ્ય ગુરૂજીને વર્ષો વર્ષ લગાતાર આ પ્રકારના સુસંગઠિતપણે ભંડારા યોજી બધાને ભેગા કરવાની અગત્યતા ઉપર ભાર મૂકતા, પૂજ્ય શ્રી બાબુજી મહારાજના બે વિશિષ્ટ સંદેશા મળ્યા. પૂજ્ય ગુરૂજીએ જેવા આ બે સંદેશા વાંચ્યા કે તરત જ તેમણે નિર્ણય લીધો કે ભંડારો યોજવો છે અને તે પણ તિરુપુરમાં જ યોજવો છે. તેમને એક જ વાતની ચિંતા હતી કે અભ્યાસીઓના સખત મહેનતથી કમાયેલા પૈસા મુસાફરી પાછળ ખર્ચાઈ જાય છે. તેથી તેમણે સૂચન કર્યું કે કોઈપણ પ્રકારના દાન માટેનો પ્રસ્તાવ ન મૂકવો અને તે સંપૂર્ણ સ્વૈચ્છીક રાખવું.

### શુક્રવાર, 22મી જુન, 2012

પૂજ્ય ગુરૂજી આશ્રમ આવ્યા અને વિશાખાપટ્ટનમ તેમજ આંધ્રપ્રદેશના અન્ય કેન્દ્રોમાંથી આવેલા ઘણા બધા અભ્યાસીઓને મળવા 'એ ડોર્મ' માં ગયા. ત્યાં ઘણા બધા અભ્યાસીઓની ઉપસ્થિતિથી ડોર્મ આખો ભરચક હતો. બધામાં પૂજ્ય ગુરૂજીને મળવાની ખૂબજ ઉત્સુકતા હતી. પૂજ્ય ગુરૂજીએ પૂજા કરાવી અને વકતવ્ય આપ્યું તેમણે કહ્યું કે "મૂઢ ભક્તિ" (અંધ વિશ્વાસ) જ મહદ્ અંશે મુખ્ય નડતરૂપ મુશ્કેલી છે અને દરેકે તેનાથી દૂર રહેવું જોઈએ. તેને બદલે દરેકે, આદેશરૂપે નિયત થયેલ સાધના પધ્ધતિને અનુસરી સહજમાર્ગ પધ્ધતિ થી થતા લાભનો અનુભવ કરી, સાચી પ્રગતિ કરવા માટે પ્રાચીન ભક્તિ પધ્ધતિ અને રિવાજો છોડવા જોઈએ. પૂજ્ય ગુરૂજી, ધીરેથી, અભ્યાસીઓની વચ્ચેથી રસ્તો કરી તેમની કુટીરમાં પાછા ફર્યા.

પૂજ્ય ગુરૂજીએ, બપોરે એક વ્હીલ ચેર ખરીદવાની વ્યવસ્થા કરી અને સાંજે એક પ્રૌઢ(વૃધ્ધ) બહેન ને ભેટ તરીકે આપવા, આશ્રમમાં તેમની પાસે ગયા તે એક સારી ક્ષણ હતી કારણકે જેને ગુરૂજી લંબા સમયથી ઓળખતા હતા તે વૃધ્ધા પ્રત્યેની ગુરૂજીની કાળજી અને લાગણી બધાને જોવા મળ્યા. ત્યારબાદ પૂ.ગુરૂજી એમની ગોલ્ફ





કાર્ટમાં આગળ વધ્યા અને ઘણાં અભ્યાસીઓને મળ્યાં. તેઓ કેન્ટીનની બહાર રોકાયા અને નાસ્તો પણ કર્યો અને આજુબાજુ ઉભેલા લોકોને પણ નાસ્તો કરાવ્યો. પૂ.ગુરૂજી કુટીરમાં પાછા ફર્યા અને કામે વળગ્યા.

## શનિવાર, 23 જૂન, 2012

સવારે તિરુપુરનાં લગભગ 15–20 અભ્યાસીઓ હાજર હતાં અને પૂ.ગુરૂજીએ બે અભ્યાસીઓ સાથે શયનખંડમાં વાત કરી હતી. ત્યારબાદ પૂ.ગુરૂજી સૌને મળ્યા અને કહ્યું કે નાસ્તા પછી ફરીથી મળીશું અને બધાંને પ્રસાદ આપ્યો. નાસ્તા બાદ પૂ.ગુરૂજી ખંડમાં આવ્યા અને બધા આભ્યાસીઓ એમની આજુબાજુ બેઠા. પૂ.ગુરૂજી કહ્યું, “મને પશ્નો પૂછો”. એમણે આ એકથી વધારે વાર દોહરાવ્યું જેથી આવનારા ભંડારા વિશે જેટલા પણ પ્રશ્નો હોય એનું નિરાકરણ થાય. એક અભ્યાસીએ પૂ.ગુરૂજીને કહ્યું, “જ્યારે મારી પાસે કામ આવે ત્યારે હું બહુ ઉત્તેજિત થઈ જાઉં છું અને મારી ધીરજ ખૂટી જાય છે”. પૂ.ગુરૂજીએ જવાબ આપતા કહ્યું, જ્યારે પણ તમે કોઈ નિર્ણય લો, ત્યારે એક ડગલું પાછળ ભરવું, થોડા ઉંડા શ્વાસ લેવા અથવા ઉપર આકાશમાં જોઈને નક્કી કરવું. આપણે ધીરજ રાખતાં શીખવું જોઈએ અને તે એમણે જાતે ઉંડા શ્વાસ લઈને અને ઉપર જોઈને કરી બતાવ્યું. ત્યાર પછી તેમણે કહ્યું, કામ કોઈક વાર લોભામણું હોઈ શકે, તેથી આપણે સાવચેતી રાખવી જોઈએ.

## રવિવાર, 24 જૂન, 2012

સવારનાં સત્સંગમાં પૂ.ગુરૂજીએ ભાઈ કમલેશને એમની બાજુમાં બેસવા કહ્યું અને ધ્યાનની એ બેઠક લગભગ અડધો કલાક ચાલી અને સત્સંગના અંતમાં ભાઈ કમલેશની તબિયત સારી લાગતી ન હતી. ત્યારબાદ તેઓ અઠવાડિયા થી વધુ સમય સુધી વાઈરલ ઈન્ફેકશનને લીધે માંદા રહયા.

## 25 – 29 જૂન, 2012

અઠવાડિયાનાં ઘણાં બધા દિવસ પૂ.ગુરૂજીને સારું ન હતું. તેઓ ખૂબ આરામ કરતાં હતાં અને અભ્યાસીઓને પણ મળતાં ન હતાં. શુક્રવારે સાંજે ભોજન બાદ પૂ.ગુરૂજી એકલા બેઠા હતાં અને શોભા ગુર્તુ દ્વારા ગવાયેલ “મ્હારો પ્રણામ” ભજન સાંભળી રહયા હતાં. માલિક આ ગીતથી ખૂબ જ પ્રભાવિત હતાં. તેમણે ખૂબ ધ્યાનથી સાંભળ્યું અને શાંતિથી બેસીને આ ગીત સાંભળવું એ ત્યાં હાજર બીજા બધા માટે પણ ખુબ સારો અનુભવ હતો.

## રવિવાર, 1 જુલાઈ, 2012

પૂ.ગુરૂજી વહેલા ઉઠી સવારનાં સત્સંગમાં જવા માટે તૈયાર થઈ ગયા. સત્સંગ બાદ માલિકે નાસ્તો કર્યો અને ભાઈ આદિત્ય તથા તેમની માતા બહેન સુજાતા સાથે લાંબી ચર્ચા કરી. આદિત્ય એ માલિકનાં ભાઈનો પૌત્ર છે. તેઓ ભારત તેમનાં કુટુંબીનાં લગ્નમાં આવ્યા હતાં અને માલિકને મળવા આવ્યા હતાં. માલિક આદિત્ય ઉપર ખાસ ધ્યાન આપતાં હોય એવું લાગ્યું.

પૂ.ગુરૂજી સવારનાં સત્સંગ વિશે વાત કરી રહયા હતાં. એક અભ્યાસીએ કહ્યું કે એ 1 કલાક અને 5 મિનિટની બેઠક હતી. માલિકે તમાં સુધારો કરતાં કહ્યું કે એ 1 કલાક અને 7 મિનિટની બેઠક હતી. માલિકે કહ્યું કે એ ખુબજ પ્રભાવશાળી બેઠક હતી. તેમણે અનુભવ્યું કે તેઓ એક જુદા બ્રહમાંડનાં બ્લેક હોલમાં ખેંચાઈ જતાં હતાં. ચર્ચા બાદ પૂ.ગુરૂજી હોસુરનાં અભ્યાસીઓને મળ્યા અને રેસીડેન્સીયલ કોલોની નાં કાગળોની વહેંચણી કરી. ત્યાં લગભગ 60 અભ્યાસીઓ હતાં અને પૂ.ગુરૂજી ખૂબ થાકી ગયા હતાં. તેઓ આરામ કરવા ગયા અને સાંજે 7 વાગ્યે જ ઉઠ્યા. જેવા તેઓ તૈયાર થયાં કે તરત કલકત્તાથી આવેલ અભ્યાસીઓને મળ્યા. આ મુલાકાત એમનાં શયનખંડમાં હતી અને સંપૂર્ણ શાંતિ જળવાયેલ હતી. કોઈજ બોલતું ન હતું અને આ નીરવ શાંતિમાં પૂ.ગુરૂજીનો પ્રેમ અનુભવાતો હતો. પૂ.ગુરૂજીએ આશ્રમનાં બાંધકામ વિશે તૈયાર કરેલ પ્રેઝન્ટેશન ટી.વી. પર નિહાળ્યું અને એમણે સાંજનું ભોજન પણ તેમના કાર્યાલયમાં જ લીધું અને ત્યારબાદ એક અભ્યાસીની આરંગેત્રમ નૃત્યને લાઈવ ટેલીકાસ્ટ દ્વારા ટી.વી. પર નિહાળ્યું.

# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



મંગળવાર ત્રીજી જુલાઈએ ગુરુપૂર્ણિમા હતી. આ શુભ દિવસે લોકો સવારનાં 6 વાગ્યામાંજ પૂ.ગુરૂજીના આશીર્વાદ માટે એમનાં કુટીર પાસે ઉમટી પડ્યાં હતાં. પૂ.ગુરૂજીએ સૌને શાંતિથી મળ્યા અને આશીર્વાદ આપ્યા. એમણે કહ્યું, "હું જ્યારે મારા ગુરૂ પાસે ગયો ત્યારે મને ગુરૂપૂર્ણિમા વિશે કંઈજ ખબર ન હતી". હું 40 વર્ષનો હતો અને પૂ.બાબુજીએ કહ્યું તમે 40 ગણી પ્રગતિ કરી મોટા થાવ. હું પણ તમને આવાજ આશીર્વાદ આપું છું.

સવારનો સત્સંગ લગભગ 1 કલાક ચાલ્યો અને ત્યાર પછી પૂ.ગુરૂજીએ નવ(9) લગ્ન કરાવ્યા અને ત્યારબાદ બે-એક ભજન સાંભળ્યા અને એમનાં ખંડમાં ગયા. આજે બધાંને જ પૂ.ગુરૂજીને મળવું હતું પરંતુ પૂ.ગુરૂજી ખૂબ થાકેલા હતાં અને એમણે આરામ કર્યો.

## રવિવાર, 8 જુલાઈ, 2012

પૂ.ગુરૂજી આખું અઠવાડિયું લગભગ બીમાર રહ્યા. તેઓ 9મી તારીખે "ગાયત્રી" ગયાં અને અઠવાડિયાનાં અંત સુધીમાં આવી જવાનું નક્કી કર્યું. માલિક “ગાયત્રી” માં ખુબ સારા મૂડમાં હતાં પરંતુ તેમની તબિયત રોજ જ બગડતી હતી. તેમની તબિયતમાં અચાનક થયેલ ફેરફાર ખુબજ શોકજનક હતો. આગલી રાત્રે તેઓ નાદુરસ્ત હતાં અને રાત્રે વહેલા સુઈ ગયા અને સવારે તેઓ એટલા સારા મૂડમાં હતાં કે માનવામાં આવતું ન હતું. તેમણે તિરુપુર સ્થિત ઉત્સવ સમિતિને ત્યાંના કામની પ્રગતિ બાબતે સંદેશો મોકલ્યો. પૂ.ગુરૂજીએ કહ્યું, ઝડપથી થતાં કાર્ય વિશે તેમને કોઈ આશ્ચર્ય નથી. તે જ્યારે પ્રેમથી થાય છે ત્યારે કુદરત સાથ આપે જ છે. મને હંમેશાં એક માતાની યાદ આવે છે, જે તેનાં બાળક માટે નવ મહિના સુધી બધાં જ કષ્ટો અને વેદનાઓ સહન કરે છે, તેનાં હજુ ન જન્મેલાં બાળકનાં ભવિષ્યની સોનેરી આશાઓ સાથે, ફક્ત તેનો પ્રેમ એનાં માટે કે જે હજુ ભવિષ્યમાં છે, સહન કરે છે. હું એવી પ્રાર્થના કરીશ કે આવોજ પ્રેમ બધા અભ્યાસીઓને મળે. પૂ.ગુરૂજીએ ત્યાર પછી માતૃત્વનાં આ વિચાર પર વિસ્તૃત ચર્ચા કરી જેને “જીવનનું વૃક્ષ” કહ્યું. એમણે વૃક્ષનું ચિત્ર દોરવાનો પ્રયત્ન કર્યો અને આ સંદેશો ચિત્ર દ્વારા સમજાવ્યો.

પૂ.ગુરૂજી 14 જુલાઈ, શનિવારના રોજ આશ્રમ પાછા ફર્યા ત્યારે એમની તબીયત સારી ન હતી. તેઓ 15મીનાં રોજ ખુબ માંદા પડ્યા અને તેમણે પોતાના જન્મદિવસની ઉદ્વણી માટે તિરુપુર જવાનો કાર્યક્રમ રદ કર્યો.

તા. 16મીનાં રોજ પૂ.ગુરૂજી નવા મીડીયા રૂમનાં ઉદઘાટન માટે જવાનાં હતાં, પરંતુ તેમની નાદુરસ્ત તબિયતને લઈ ભાઈ કમલેશે તેનું ઉદ્ઘાટન કર્યું. મીડીયારૂમનું બાંધકામ ખૂબ જ આધુનિક પદધતિથી કરવામાં આવ્યું છે, જે ખૂબ જ મોટી જગ્યા છે, આઈ.ટી. સર્વર એરિયા તથા 100% ધ્વનિરહિત કક્ષ છે જ્યાં ઓડીયો રેકોર્ડીંગ થઈ શકે છે.

પૂ.ગુરૂજીની માંદગી લગભગ ત્રણ અઠવાડિયા સુધી ચાલી પણ અત્યારે તેઓ ધીરે ધીરે સ્વસ્થ થઈ રહ્યા છે. આશ્રમ જુલાઈનાં અંત સુધી મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવ્યો હતો. અમુક અભ્યાસીઓ કે જેમણે તિરુપુર ભંડારા પછી મણપાકકમ આશ્રમની મુલાકાતનો કાર્યક્રમ રાખ્યો હતો તેમને બીજી વ્યવસ્થા કરવા માટે જણાવવામાં આવ્યું હતું. જે ડોક્ટરો પૂ.ગુરૂજીની સારવાર કરી રહ્યા હતાં તેમનાં તરફથી સમયાંતરે માલિકની તબિયતનો અહેવાલ અભ્યાસીઓને આપવામાં આવતો હતો જેમાં પૂ.ગુરૂજી ધીરે ધીરે સ્વસ્થ થઈ રહ્યા છે, એમ જણાવવામાં આવ્યું હતું. અમે આપણાં બધા અભ્યાસી ભાઈઓ અને બહેનોને પૂ.ગુરૂજીની તબિયત ઝડપથી સુધરે અને તેમના લાંબા આયુષ્ય માટે સતત પ્રાર્થના કરવા માટે વિનંતી કરીએ છીએ.







# ન્યુ પબ્લીકેશનસ

તિરુપુરમાં ગુરૂજીના 86મા જન્મદિવસના ઉત્સવ સમારોહ દરમિયાન 20 પુસ્તકો અને 8 ઓડિયો વિડિયો કેસેટોનું વિમોચન કરી વેચાણ માટે મૂકવામાં આવ્યા હતા. કાચ ઉપર, કેનવાસ ઉપર અને સિલ્વર પ્લાઈ ઉપર છાપેલા ફોટાઓના સેટ તૈયાર કરવામાં આવ્યા હતા. આના વેચાણ માટેની નોંધણી ચાલુ છે અને વહેલા તે પહેલાના ધોરણે એ મળી શકશે. જેને રસ હોય તે અભ્યાસીઓએ july24.photos@gmail.com પર સંપર્ક કરવો. વિવિધ પ્રકારના અને વિવિધ કિંમતના ફોટોગ્રાફસ પણ ફોટોગેલેરીમાંથી મેળવી શકાશે.

## ઓડિયો-વિડિયો રીલીજીઝ

### વ્હીસ્પર્સ ફ્રેન્ચ એમપી3





### હી હુક્કા એન્ડ આઈ




### સહજ માર્ગ મીન્ડરીંગ્સી ઈંગ્લીશ ડીવીડી




### માસ્ટર્સ ટોક્સ ટુ પ્રીસેપ્ટર્સ વોલ્યુમ 1 એન્ડ 2-ઈંગ્લીશ




### માસ્ટર્સ ટોક્સ ઈન ચેન્નાઈ એન્ડ કોઈમ્બતૂર-તામિલ




### ધ એટરનલ પાવર ઓફ લવ વોલ્યુમ 1-ઈંગ્લીશ ડીવીડી




### માસ્ટર્સ ચોઈસ વોલ્યુમ 4 એમપી3





### ઈનર રીફ્લેકશનસ વોલ્યુમ 2 ઈંગ્લીશ એમપી3





## ન્યુ બુક્સ

### હી, ધી હુક્કા એન્ડ આઈ ઈંગ્લીશ





### કોમેન્ટ્રી ઓન ટેન મેકસીમ્સ ઓફ સહજ માર્ગ





### અભ્યાસી ડાયરી




### પ્રીફેકટ ડાયરી




### કોમીક બુક-ટીમોથી





### મેસેજ યુનિવર્સલ 2




તામિલ
તેલુગુ
મરાઠી
ગુજરાતી
કન્નડા
મલયાલમ

### ધે પ્રીન્સીપલ્સ ઓફ સહજ માર્ગ વોલ્યુમ 15




### ધ પર્સ્યુટ ઓફ ધ ઈનર વે



# ગુરૂજીના 86મા જન્મદિનના ઉત્સવો

આસામ–દિબરુગઢના અભ્યાસીઓએ ઘણા જ ઉત્સાહપૂર્વક પ્રસંગની ઉજવણી કરી હતી. બાળકોએ 'હેપી બર્થડે' નાટક ભજવ્યું હતું અને એક બહેને ભજનો ગાયાં હતાં. વીસીડી પર માસ્ટરનાં બે ટૂંકાં વકતવ્યો સંભળાવ્યા પછી, નાસ્તા અને પ્રસાદથી કાર્યક્રમ પૂરો થયો હતો.

અલાહાબાદ–સત્સંગ પછી, બાળકો દ્વારા નૃત્ય, બહેનો દ્વારા ગુરૂજીની પસંદગીનાં ભજનો અને યુવકોની ટીમ દ્વારા ગુરૂજીના જન્મદિનના ગીતો આ કાર્યક્રમનાં ખાસ આકર્ષણો હતાં. લગભગ 600 અભ્યાસીઓ ગુરૂજીને શુભેચ્છાઓ પાઠવતાના ગીતમાં જોડાયા હતા. ધ્યાનકક્ષની ચારે બાજુ અભ્યાસીઓએ લીમડાના છોડ રોપ્યા હતા. બેન નિશા અને તેના ગ્રુપ દ્વારા પારસ્પરિક ચર્ચાના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. સાંજના સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન થયું હતું.

લખનઉ–લગભગ 200 અભ્યાસીઓએ ત્રણ દિવસના ઉત્સવમાં ભાગ લીધો હતો. 23 મી જુલાઈએ સવારના ધ્યાન પછી વિચાર પ્રેરક વકતવ્યો રાખવામાં આવ્યાં હતાં અને કેટલાક અભ્યાસીઓએ તેમના અનુભવો કહ્યા હતા. 24 મીએ ભારે વરસાદ હોવા છતાં 300 અભ્યાસીઓ આશ્રમ પર પહોંચ્યા હતા. સવારના સત્સંગ પછી, બાળકોએ અભિનય દ્વારા અભ્યાસીઓનાં દિલ જીતી લીધાં હતાં. પારસ્પરિક અસર કરતા નાટકે પ્રેક્ષકગણને મોહીત કરી દીધો હતો.

પંજાબ અને હરિયાણા– પંજાબ અને હરિયાણાના અભ્યાસીઓએ ગુરૂજીનો જન્મદિવસ પોતપોતાના કેન્દ્રોમાં ઉજવ્યો હતો. સોનીપતમાં ત્રણ દિવસના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ 100 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સત્સંગ ઉપરાંત માસ્ટરની સીડી, લાલાજીના જીવન પર વીડીયો અને ડીવીડી બતાવવામાં આવ્યાં હતાં. પટિયાલામાં બાળકો માટે ચિત્ર અને લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્રણ દિવસે ત્રણ ત્રણ સત્સંગ કરાવવામાં આવ્યાં હતાં, ચંદીગઢમાં પંચાવન અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સાંજે ગુરૂજીની તબિયતમાં સુધારાનો સંદેશ મળવાથી બધા જ અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા.

કોલકાતા આશ્રમ–કોલકાતાના લગભગ 300 અભ્યાસીઓ અને સેટેલાઈટ સેન્ટરો જેવા કે ઝારખંડ, બંદેલ, શાંતિપુર વગેરેથી પચાસ અભ્યાસીઓ 23 થી 25 જુલાઈના ઉત્સવમાં જોડાયા હતા. 24 મીએ રબિન્દ્ર સંગીત, ભજનો ગુરૂજીએ કરેલા પ્રવાસની ડીવીડી, વડીલો દ્વારા તેમને થયેલા અનુભવો અને ભંડારામાં હાજર રહેવાના મહત્ત્વ વિશે વકતવ્યો આપવામાં આવ્યાં હતાં. સહજ માર્ગ પધ્ધતિનાં પાસાંઓ પર પારસ્પરિક ચર્ચાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.
બપોરના ભોજન પછી, હિંદી અને અંગ્રેજીમાં ગુરૂજીએ આપેલાં વકતવ્યોની ડીવીડી બતાવવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો અને ગુરૂજીના પુસ્તક 'ડાઉન મેમરી લેન' પર સંચાર કરેલ પ્રેસેન્ટેશનથી પ્રિયતમની યાદમાં લીન થવામાં મદદ મળી હતી.

જયપુર, રાજસ્થાન–ત્રણેશ્વરન–સવારે 7:30 વાગે અને સાંજે 5:00 વાગે સત્સંગ રાખવામાં આવ્યો હતો, જેમાં લગભગ 280 અભ્યાસીઓ અને 65 બાળકો હાજર રહ્યાં હતાં. 24મીએ બાળકોએ એક ગીત ગાયું હતું અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. સહજ માર્ગનાં વિવિધ પાસાંઓ પર ભાઈ તરૂણ, બહેન અંજલી અને ભાઈ અનિલે વકતવ્યો આપ્યાં હતાં. 25 મીએ સત્સંગ પછી, બાબુજી મહારાજની પ્રસંશામાં બહેન રમા કોચરે એક ભક્તિમય કાવ્ય ગાયું હતું.

ઉદેપુર–સવારના સત્સંગ પછી, ગુરૂજીનું જીવનચરિત્ર વાંચવામાં આવ્યું હતું અને તે પછી સહજ માર્ગ પધ્ધતિની મહત્ત્વ (કાર્યદક્ષતા) પર ચર્ચા કરવામાં આવી હતી. સામુહિક ચર્ચા પછી બહેનોએ ભજનો ગાયાં હતાં. બાળકોએ વિવિધ કાવ્યો ગાયાં હતાં. બધા જ અભ્યાસીઓ પીક એન્ડ સ્પીક રમત રમ્યા હતાં. ચીઠ્ઠી ઉપાડી તેમાં મળેલ વિષય ઉપર બોલવાનું કહેવામાં આવ્યું હતું.

જોધપુર–275 અભ્યાસીઓએ ત્રણ દિવસના ઉત્સવમાં હાજરી આપી હતી. અભ્યાસીઓએ ભજનો ગાયાં હતાં અને સ્વયંસેવકોએ સેવાનાં કાર્યો કર્યા હતાં. તેમાં એવી ચર્ચા કરવામાં આવી હતી કે દરેક બિમારી માટે આધ્યાત્મિકતામાં સાધના જ એકમાત્ર દવા છે. અભ્યાસીઓએ સહજ માર્ગમાં જોડાયા પછીના તેમને થયેલા અનુભવો કહ્યા હતા. ગુરૂજી ના સ્વાસ્થ્ય માટે દરેકે પ્રાર્થના કરી હતી.

અજમેર–સવારે 7:30 વાગે અડતાળીસ અભ્યાસીઓ સત્સંગ માટે એકત્રિત થયા હતા. ગુરૂજીનાં વકતવ્યોની વીડીયો, વ્હિસ્પર્સના વિશેષ સંદેશાઓનું વાંચન અને ગુરૂજીના ભાષણોમાંના અવતરણોનું વાંચન એ કાર્યક્રમનો ભાગ રહ્યા હતા. અભ્યાસીઓ અને બાળકો દ્વારા ગવાયેલા ભજનો અને કાવ્યો અને ચારીજી અને તેમના જીવન પરના કોયડા ઉકેલવાની પ્રવૃતિયો અભ્યાસીઓને દિવસભર વ્યસ્ત રાખ્યા હતા. ભાઈ પી.કે. અરોરા ભંડારામાં જવાના મહત્ત્વ પર બોલ્યા હતા. 11 વાગ્યાના સત્સંગ પછી વીડીયો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. સાંજનો સત્સંગ ભાઈ પી.કે. અરોરાના નિવાસે રાખવામાં આવ્યો હતો.

અલવર–અલવરના 'યોગાશ્રમ' ખાતે 23થી 25 જુલાઈ સુધી અલવર અને નજીકના રાજગઢ, ખૈરતાલ, કોટપુતલી, બાંદીકુઈ, માહવા અને પીલ્વાથી આવેલા લગભગ 160 અભ્યાસીઓએ ઉત્સવમાં ભાગ લીધો હતો. અભ્યાસીઓએ ગુરૂજીના જીવનને યાદ કર્યું હતું જેમાં, નિ:સ્વાર્થ પ્રેમ અને સેવા જેવા ચારિત્ર્ય અને સદાચાર લગતા ઘણા જ સદગુણો ઉદાહરણરૂપ હતા.

શ્રી ગંગાનગર–ભાઈ પી.કે મીઢાના ઘેર લગભગ 130 અભ્યાસીઓ અને 30 બાળકો હાજર રહ્યા હતા. સવારના સત્સંગ પછી ગુરૂજીના જીવન વિષે પુસ્તક વાંચવામાં આવ્યું હતું. કાવ્યપઠન અને 'ગુરૂ પૂર્ણિમા' પરની વીડીયો શો બતાવવામાં આવ્યો હતો. સાંજે બાળકોએ ગીતો અને કાવ્યો રજૂ કર્યા હતાં.

ભીલવાડા– સવારે 7:30 સત્સંગ પછી, ગુરૂજીની પસંદગીનાં ભજનોની સીડીમાંથી ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં. અભ્યાસીઓ અને તેમનાં બાળકો દ્વારા કેટલાંક કાવ્યો અને ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં. 'સત્યનો ઉદય' પુસ્તકમાંથી કેટલાક અવતરણો વાંચવામાં આવ્યાં હતા. કાર્યક્રમના અંતે 'ઈન્સાન બનો' સીડી સંભળાવવામાં આવી હતી. સવારના સત્સંગમાં પચાસ અને સાંજે એકવીસ અભ્યાસીઓ હાજર રહ્યા હતા.

# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## શબ્દ વિસ્તાર



### શિક્ષકોને પ્રોત્સાહન(પ્રેરણા) – કાશીપુર, ઉત્તરાખંડ

આખો દિવસ અભ્યાસીઓને ત્રણ જૂથમાં વહેંચાયેલા રાખવામાં આવ્યા હતા અને સામાન્ય રીતે નવા જીગ્યાસુઓ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોની યાદી બનાવવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ બે અભ્યાસીઓ સામ સામે બેઠા અને એક બનાવટી કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો. ઘણા બધા પ્રશ્નો સામે આવ્યા અને અમે અનુભવ્યું કે સાધનાના મૂળભૂત સિધ્ધાંતોને જાણવા અને નવા જીગ્યાસુઓને તે કેવી રીતે દર્શાવવા તે જાણવું મહત્વનું છે.

ત્યારબાદ એક ભાઈ કે જેઓ શાળા ચલાવે છે, તેમણે શિક્ષકોના એક સમૂહને પ્રોત્સાહિત કર્યો અને 7મી ઓગષ્ટના રોજ એક નાના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોને પહેલેથી જ પત્રિકાઓ દ્વારા સહજ માર્ગ વિષેની સંક્ષિપ્ત માહિતિ આપવમાં આવી હતી. નાના વ્યક્તિગત લક્ષ્યો અને માનવ જીવનના સાચા લક્ષ્યની સમજણ અને તે બન્ને વચ્ચેના તફાવત વિષે ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ ધર્મથી આધ્યાત્મિકતા તરફ પ્રગતિ અને સાધનાની સમજણ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો. આ વક્તવ્યને સારી રીતે આવકારવામાં આવ્યું હતું અને મોટાભાગના શિક્ષકોએ ઉદ્ગાર સાથે જણાવ્યું કે આવા વિચારો આ પહેલાં તેઓએ ક્યારેય સાંભળ્યા ન હતા.

તે નોંધવામાં આવ્યું કે મોટા ઓપન હાઉસીસની સરખામણીએ નાના સમૂહો સાથે સરળતાપૂર્વક સંબંધ વિકસાવવો અને ખૂલવું ખૂબ જ સરળ છે. દોઢ કલાક માટે ચાલેલા આ કાર્યક્રમમાં લગભગ 15 શિક્ષકોએ ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમ સાથે તે પૂરો કરવામાં આવ્યો હતો.

### વિદ્યાર્થીઓ અને યુવાઓ – કોલકાતા

12મી ઓગષ્ટના રોજ કોલકતાના આશ્રમમાં હેરિટેજ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીના નવા ઉત્સાહી જીગ્યાસુઓના એક જૂથ માટે જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાગત વાર્તા પછી કોલકતાના કેન્દ્ર પ્રભારી, ભાઈ મિસાલ મહેતા દ્વારા સહજ માર્ગના મૂળ તત્વો વિષે સંક્ષિપ્ત રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેમણે માનવી કેવી રીતે તેની સામાજીક–આર્થિક પરિસ્થિતિને તેની સાચી દુનિયા ધારી લે છે અને તેના કારણે કુદરતી સર્જનથી દૂર થઈ જાય છે તેની ચર્ચા સાથે તેમણે શરૂઆત કરી. તેમણે યોગ અને ધ્યાનને સ્પર્શતા વિષયને ઘણા ઉદાહરણો આપીને સમજાવ્યા હતો.

આ પછી ચાર યુવાન એન્જીનીયર અભ્યાસીઓને થોડી મિનિટો માટે બોલવાનું કહેવામાં આવ્યું અને તેઓએ તેમના મિશનમાં જોડાવાના કારણો અને ત્યારબાદના તેમના અનુભવો કહ્યા હતા. આ કાર્યક્રમ એક ટુંકા પ્રશ્નોત્તરી સત્ર સાથે પૂરો કરવામાં આવ્યો હતો. જે 70 લોકોએ આમાં ભાગ લીધો હતો તે લોકોને (સહજ માર્ગનો પરિચય)



નામની આપણી પુસ્તિકા વહેંચવામાં આવી હતી. તેમાંના 30 વિદ્યાર્થીઓ હેરિટેજના હતા અને બાકીના નવા જીગ્નાસુઓ અને અભ્યાસીઓ હતા. હકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો અને કેટલાંકે સિટિંગ લેવા માટે રસ બતાવ્યો હતો.

### પોલિસ ઓફીસર્સને સંબોધન–મૈસૂર

16મી ઓગષ્ટ, 2012 ના રોજ, મિશનના જોઈન્ટ સેક્રેટરી, ભાઈ શ્રી એ.પી. દુરાઈએ, 39 જેટલા સીધા ભરતી થયેલા ડેપ્યુટી સુપરીટેન્ડન્ટસ ઓફ પોલીસ અને મૈસૂરની કર્ણાટક પોલીસ એકેડમીમાં પાયાની ટ્રેનિંગ લેતા 10 સબ ઈન્સ્પેક્ટર્સ ઓફ પોલીસને સંબોધ્યા હતા. શ્રી અમરકુમાર પાન્ડે, આઈપીએસ, ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ અને એકેડમીના ડાયરેક્ટરે વક્તાની ઓળખાણ આપતાં કહ્યું કે કર્ણાટકના એક પોલીસ ઓફીસર તરીકે તેઓ એક રોલ મોડેલ બન્યા હતા અને 1996–97માં તેઓએ રાજ્યના ડીજીપી તરીકે ઘણી સિધ્ધિ પ્રાપ્ત કરી હતી.

ભાઈ દુરાઈ, પોલીસ ઓફીસર્સના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ વિકાસના વિષય ઉપર બોલ્યા. આ સંદર્ભમાં તેઓએ મોટા ભાગે ગુરૂજીના શિક્ષણને રજૂ કર્યું અને આપણા જીવનમાં કર્મ કેવો ભાગ ભજવે છે અને શા માટે આપણે એકલા જ આપણા વિચારો અને કાર્યોના પરિણામ માટે જવાબદાર છીએ તેની ઉપર ભાર મૂક્યો. ભાઈ દુરાઈએ પોલીસની કારકીર્દી દરમિયાન કરેલા કેટલાક નિરિક્ષણ અને અનુભવો દ્વારા આ સિધ્ધાંતને સમજાવ્યો. તેમણે, દરેકને પોતાની ફરજો ભય વિના અથવા અંતરાત્માના અવાજને અનુસરીને કરવાની હાકલ કરી.

જીસસ ક્રાઈસ્ટ અને ભગવદ્ ગીતામાંથી ટાંકેલા કેટલાક અવતરણો દ્વારા તાલીમાર્થીઓને ખૂબ સારી રીતે આવકારવામાં આવ્યા અને તેથી તેઓ વક્તા સાથે ચર્ચા કરવા અને તેમના પ્રશ્નો અને તેમની માન્યતાઓ જણાવવા માટે પ્રોત્સાહિત થયા હતા. આ કાર્યક્રમ 90 મિનિટ સુધી ચાલ્યો અને આખા કાર્યક્રમ દરમિયાન ગુરૂજીની હાજરી અને પ્રેરણા અનુભવાઈ હતી.

## તિરુપુર આશ્રમમાં ઓપન હાઉસ

અગાઉથી જ એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો અને 12મી ઓગસ્ટે લગભગ પંચોતેર આમંત્રિતોને ચેટ્ટીપાલયમ યોગાશ્રમ, તિરુપુર ખાતે સ્વયંસેવકો દ્વારા આવકારવામાં આવ્યા હતા. સીઆઈસી, ભાઈ રવિ સુબ્બીયને મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને અભ્યાસ શરૂ કરવાની આવશ્યકતાઓ સમજાવી હતી. કેટલાક સ્વયંસેવકોએ એ સંજોગોને લગતા તેમને થયેલા અનુભવો કહ્યા હતા જે તેમને માટે મિશનમાં તેમના ઔપચારિક પરિચયમાં પરિણમ્યા હતા અને સાધનાથી કેવા લાભો થયા તે સમજાવ્યું હતું.

તે જ દિવસે પચાસ આમંત્રિતોએ તેમની પહેલી સીટીંગ લીધી હતી અને એ બધી સીટીંગો પૂરી કરતાં સાંજના ચાર વાગી ગયા હતા. દરેકજણને લાગ્યું હતું કે આટલી સરસ પ્રતિક્રિયા માત્ર ગુરૂજીની કૃપાથી જ મળી શકે.

## યુથ પ્રોગ્રામ, મૈસૂર

12મી ઓગસ્ટ, 2012ના રોજ યુએન ઈન્ટરનેશનલ યુથ ડે પ્રસંગે બેંગલુરુ થી લગભગ ત્રીસ યુવકો આગલે દિવસે જ આવી ગયા હતા. આવતી વખતે મુસાફરી દરમિયાન તેમને એક બીજાને ઓળખવાની તક મળી હતી અને સાંજે જમતી વખતે દરેકને, જે લોકો હમણાં જ એકબીજાને મળ્યા છે, તેમને પોતાનો પરિચય આપવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર પછી વિશ્વબંધુત્વની પ્રાર્થના કરવામાં આવી હતી અને તે પછી, 'કીંગ્સ સ્પીચ' ફિલ્મ બતાવવામાં આવી હતી.

બીજો દિવસ વ્યક્તિગત ધ્યાન પછી, ક્રિકેટ, આશ્રમમાં દૂર દૂર ચાલવાનો અને કેટલીક રમતો માટેનો હતો. મૈસૂર કેન્દ્રના કેટલાક યુવાનો પણ કાર્યક્રમમાં જોડાયા હતા. 9:30 વાગે સત્સંગ અને નાસ્તા પછી, એલએમઓઆઈએસના એલુમ્નીને ગુરૂજીનું ભાષણ સંભળાવ્યું હતું. બહેન પ્રિયા હેગડેએ ચર્ચા દ્વારા તે વકતવ્યોને આગળ વધાર્યું હતું.

ભાગ લેનારાઓને બે જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા અને તેમના મિત્રનો ફોટો ગુણદોષ જાણવા માટે આપવામાં આવ્યો હતો અને સમૂહને એનો પરિચય આપતી વાર્તા બનાવવાનું કહેવામાં આવ્યું હતું. આમાં કેટલાક વિચારોનો સમાવેશ હતો અને રચનાત્મકતા અને જીવનના આધ્યાત્મિક અને ભૌતિક પાસાંઓ મિશ્રિત મજાની વાતો બહાર આવી હતી. વિરામ પછી, 'પીક એન્ડ સ્પીક' કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં દરેક જણને ગુરૂજીનું કથન આપવામાં આવ્યું હતું જેના પર બે મિનિટ બોલવાનું હતું. ત્યાર પછી બહેન અનન્યા દ્વારા સામાન્ય જ્ઞાનને ઉત્તેજન આપતા કોયડા ઉકેલવા માટે સમૂહને ટીમમાં વિભાજીત કરવામાં આવ્યો હતો.

સમગ્ર રીતે, કાર્યક્રમ ટૂંકો, નિશ્ચિત અને ઘણો જ અસરકારક રહ્યો હતો અને દરેકને આત્મ નિરીક્ષણ કરવાની, અનુભવો કહેવાની અને તેમના ભાઈઓ અને બહેનોની જાણકારી મેળવવાની તક મળી હતી.




## ચિત્રકામનો કાર્યક્રમ, ભીલવાડા, રાજસ્થાન

ઉનાળાની રજાઓ દરમિયાન, આઠથી સોળ વર્ષની વયનાં બાળકો માટે ' પ્રકૃતિ' વિષય પર ચિત્રકામનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને અઢારથી ત્રીસ વર્ષના યુવાનો માટે ' અપેક્ષાઓ' વિષય પર નિબંધ સ્પર્ધાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરિણામો 8મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યાં હતાં અને બધાં જ ચિત્રો ધ્યાનકક્ષમાં મુકવામાં આવ્યાં હતાં. એક ચિત્રે દરેકનું ધ્યાન આકર્ષિત કર્યું હતું, જેમાં ભાગ લેનાર એક બાળક, એક ગ્રામીણ અને એક શહેરી, પ્રકૃતિને કેવી જુદી જુદી રીતે જુએ છે એ દોર્યું હતું.

## યુવા કાર્યક્રમ, કોલકાતા, વેસ્ટ બેંગાલ

કોલકાતા આશ્રમમાં 18 થી 35 વર્ષ વચ્ચેના વયના લગભગ 100 અભ્યાસીઓ છે તો પણ એ જોવામાં આવ્યું છે કે એમાંથી રવિવારના સત્સંગમાં ફક્ત 15 થી 20 જ હાજર રહેતા હોય છે અને આશ્રમની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય છે. બધાને સાથે લાવવા અને પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રવૃત્ત કરવા કેટલાક અભ્યાસીઓએ ભેગા મળીને એને અસરમાં લાવવાની યોજના ઘડવાનું નક્કી કર્યું.

આંકડાકીય માહિતી રાખવાનું, સત્સંગ પછી દર અઠવાડિયે પુસ્તકનું વાંચન કરવાનું, ક્રિકેટ જેવી મેદાનમાં રમવાની પ્રવૃત્તિઓ રાખવી વગેરે જેવા કેટલાક પ્રસ્તાવો આવ્યા હતા. અભ્યાસીઓને તેમનું નામ નોંધાવવા માટે પ્રેરિત કરવા સળંગ ત્રણ રવિવાર સુધી યુવાનોનું એક સંગઠન રચવામાં આવ્યું હતું

ત્યાર પછી, જુલાઈ 2012થી દર રવિવારે બે કલાક માટે અવિધિસરના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું અને ધીમે ધીમે પણ સંખ્યામાં વધારો ચોક્કસ થઈ રહ્યો છે. સાધનાનાં અગત્યનાં પાસાં પર ચર્ચાઓ, અભ્યાસીઓને તેમની અંદર જોવા મળેલા ફેરફારો અને બધાને પોતાના અનુભવો કહેવા માટે પ્રોત્સાહિત કરવા, આત્મ નિરીક્ષણની સાથે સાથે ગુરૂજીએ આપેલાં વિવિધ વકતવ્યોનું સામુહિક વાંચન વગેરેનો સમાવેશ કરતા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. અમને આશા છે કે આ જૂથ ગુરૂજીના માર્ગદર્શન હેઠળ વિકાસ પામશે જ.



# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## દિલ્લી ઝોનલ આશ્રમ

## પ્રકાશનું કેન્દ્ર





દિલ્લીમાં આર.કે.પુરમ ખાતે શહેરના મધ્યમાં એક આશ્રમ સ્થિત છે અને બીજો દિલ્લી હરિયાણાની બોર્ડર ઉપર આવેલો છે. ઝોનલ આશ્રમ ગુડગાંવ આશ્રમ તરીકે જાણીતો છે. આંતરરાષ્ટ્રિય એરપોર્ટથી તે 12 કિ.મી. ના અંતરે અને ડોમેસ્ટીક એરપોર્ટથી 15 કિ.મી.ના અંતરે છે.

15 જૂન 2001 ના રોજ 6.5 એકરના આ આશ્રમનું માલિક દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ધ્યાન કક્ષ આશરે 2000 અભ્યાસીઓને સમાવી શકે તેટલો છે. શરૂઆતમાં મણપાક્કમ આશ્રમના જૂના ધ્યાન કક્ષના સિમેન્ટના પતરા અને લોખંડના થાંભલા છત માટે વાપરવામાં આવ્યાં હતાં. તેમ છતાં મરમ્મત વખતે સિમેન્ટના પતરાની જગ્યાએ ધાતુન પતરા ગોઠવવામાં આવ્યાં અને ધ્યાન કક્ષને બંને બાજુથી પહોળો કરવામાં આવ્યો. ઊનાળા દરમિયાન જ્યારે સખત ગરમી પડતી હોય ત્યારે, છતનાં પતરાંને ઠંડા રાખવા માટે પાણીના ફુવારાની વ્યવસ્થા છત ઉપર કરવામાં આવી હતી. ઉપરાંત વધુ પડતી ગરમીને ધ્યાન કક્ષમાં આવતી રોકવા માટે પતરાને ઈન્સ્યુલેશન(ગરમીને અટકાવવા વપરાતું મટીરિયલ) કરવામાં આવ્યું હતું.



ગુરૂજીની ઓફિસ ધ્યાન કક્ષની એક બાજુએ આવેલી છે, તેમની મુલાકાત વખતે તેઓ ત્યાં બેસી શકે તે માટે લીલા ઘાસની લોન કરવામાં આવી હતી. 20 એપ્રિલ, 2008ના રોજ ગુરૂજી દ્વારા ધ્યાન કક્ષનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને તેની સામે બે કુમળા વૃક્ષોને રોપવામાં આવ્યાં હતા. તેમણે દ્રોણાચાર્યની પ્રતિમાનું અનાવરણ કર્યું કે જેના નામ ઉપરથી ગુડગાંવ (ગુરુ નું ગાંવ) નામ પડ્યું છે.



આશ્રમના એક ખૂણામાં વિશાળ રસોઈઘર છે અને તેનો અમુક ભાગ કેન્ટીન તરીકે વપરાય છે. આધુનિક શૌચાલયો બનાવવામાં આવ્યાં છે, તે ઉપરાંત જ્યારે વિશાળ ભંડારો કરવામાં આવે ત્યારે વધુ શૌચાલયો માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આશ્રમ પાસે વાહનો મૂકવાની પૂરતી જગ્યા છે. મુખ્ય દરવાજાની બાજુમાં ચિલ્ડ્રન સેન્ટર અને બુક સ્ટોલ છે અને તેની બહાર બાળકો માટે રમતનું મેદાન છે. આશ્રમની અડધાથી વધુ જગ્યામાં જૈવિક ખેતી દ્વારા ઋતુ પ્રમાણેના શાકભાજી ઉગાડવામાં આવે છે. આશ્રમમાં ચાર માળી અને રખેવાળ તેમના કુટુંબ સાથે રહી શકે તેવી વ્યવસ્થા છે. મિશનનાં પ્રકાશિત થયેલા પુસ્તકો નજીકના કેન્દ્રોમાં વહેંચવા માટેનું પણ આ કેન્દ્ર છે. અહીં દર મહિનાના પ્રથમ રવિવારે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.



31 મે 2009ના રોજ આશ્રમમાં સતસંગ પછી ગુરૂજીએ સમગ્ર વિશ્વમાં સત્સંગનો સમય સવારના 7–30નો કર્યો હતો. ગુરૂજીએ માનવ અસ્તિત્વના હેતુ ઉપર ભાર મૂકતાં જણાવ્યું કે "હું તમને બધાંને તે સભાનતા તરફ પાછા લાવવા ઈચ્છું છું કે આપણે જીવનમાં જે કંઈ બધું કરીએ છીએ–શ્વસન, ખાવું અને પીવું, કામ કરવું, આરામ કરવો, ઊંઘવું – એ બધું જ આપણા જીવનને ટકાવવા માટે છે અને જીવન ફક્ત એકજ હેતુ માટે છે તે એ કે જેમાં હું મારો કુદરતી વિકાસ, માનવીય સ્તરથી બહાર આવી જેને દિવ્યતા કહીએ છીએ તેમાં કરી શકું."



**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.